# Ayambil Oli Day 6 - Samyag Darshan Pad Vidhi

## છઠ્ઠો દિવસ - દર્શન પદ

### જાપ: ૐ હ્રીં નમો દસણસ્સની વીસ માળા

**રંગ: સફેદ**

**અનાજ: ચોખા**

**કાઉસગ્ગ:**

**67 લોગસ્સ**

**ખમાસણા :67**

**પ્રદક્ષિણા: 67**

**સ્વસ્તિક: 67**



**ખમાસમણાનો દુહો**

શમ-સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે;
દર્શન તેહી જ આતમા, શું હોય નામ ધરાવે રે.
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઇ રે;
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઇ રે.

**શ્રી દર્શન પદનું ચૈત્યવંદન**

હૂય પુગ્ગલ પરિઅટ્ટ, અટ્ઠ પરિમિત સંસાર;
ગંઠિભેદ તબ કરિ લહે, સબ ગુણનો આધાર. 1
ક્ષાયક વેદક શશી અસંખ, ઉપશમ પણ વાર;
વિના જેણ ચારિત્ર નાણ, નહિ હુવે શિવદાતાર. 2

શ્રી સુદેવ ગુરુ ધર્મની એ, રુચિ લચ્છન અભિરામ;
દર્શનકું ગણિ હીરધર્મ, અહનિશ કરત પ્રણામ. 3

## શ્રી દર્શન પદનું સ્તવન

સુગુરુ સુદેવ સુધર્મની, સદ્દહણા ચિત્ત ધરીએ રે;
સાત પ્રકૃતિનો ક્ષય કરી, ક્ષાયિક સમકિત વરીએ રે.
દરસણપદ નિત વંદીએ - એ આંકણી. 1
ઇણ વિણ જ્ઞાન નિઃફલ કહ્યું, ચારિત્ર નિઃફલ જાયે રે;
શિવસુખ એ વિણ ના મીલે, બહુ સંસારી થાયે રે. દર. 2
સડસઠી ભેદે શોભતું, અજરામર ફલ દાતા રે;
જે નર પૂજે ભાવશું, તે પામે સુખ સાતા રે. દર. 3

## શ્રી દર્શન પદનું સ્તુતિ

જિનપન્નત તત્ત સુધા સરધે, સમકિત ગુણ ઉજવાલેજી,
ભેદ છેદ કરી આતમ નિરખી, પશુ ટાલી સુર પાવેજી,
પ્રત્યાખાને સમ તુલ્ય ભાખ્યો, ગણધર અરિહંત શૂરાજી,
એ દર્શનપદ નિત નિત વંદો, ભવસાગરકો તીરાજી.